નગરમાં પરીક્ષાઓનો માહોલ જામ્યો છે અને એમાંથી નાનાં ભૂલકાઓ પણ બાકાત નથી. પ્રિ-સ્કૂલ્સમાં નાનાં ભૂલકાંઓ માટેની મૌખિક પરીક્ષાઓનો પણ આરંભ થઈ ચૂક્યો છે. (તસવીર : દિપક જાની)

રાજ્યની શાળાઓમાં પરીક્ષાનો પ્રારંભ ૧૪મી એપ્રિલ બાદ વેકેશનનો માહોલ

ગાંધીનગર, તા. ૨

ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષાઓ પૂર્ણ થયા બાદ આજથી રાજ્યની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં પરીક્ષાઓનો પ્રારંભ થવા પામ્યો છે.

રાજ્યની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં આજથી પરીક્ષાઓ શરૂ થઈ છે જે એક સપ્તાહ સુધી ચાલશે. આગામી ૧૨મી એપ્રિલના રોજ શાળાઓમાં પરીક્ષા પૂર્ણ થતાં શાળાઓમાં શિક્ષણ સત્ર પૂર્ણ થશે અને શાળાઓમાં વેકેશન પડશે.

આજે શાળાઓમાં લેવાયેલી પરીક્ષામાં ગુજરાતી અંગ્રેજી વિષયોની પરીક્ષા પૂર્ણ થઈ હતી. આવતીકાલે ગણિતનું પેપર છે.

૧૨મી એપ્રીલે પરીક્ષા પૂર્ણ થયા બાદ શાળાઓના મેદાનો બાળકો વિના સુમસામ બની જશે અને દોઢ માસ સુધી શાળાઓમાં વેકેશન પડશે. ગાંધીનગરની કેટલીક પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં તો. ૨૯મી માર્ચે જ મૌખિક ક્સોટીઓ પૂર્ણ થઈ ગઈ હતી ત્યાર પછીના ત્રણ દિવસ વિદ્યાર્થીઓને વાર્ષિક પરીક્ષાની તૈયારી માટે રજા અપાઈ હતી. આજથી શરૂ થયેલી શાળાની પરીક્ષામાં વિદ્યાર્થીઓ ખુબ જ ઉત્સાહ અને વિશ્વાસ જોવા મળ્યો હતો. નવા વર્ષથી ધોરણ-૯માં દાખલ કરેલી સેમેસ્ટર પદ્ધતિથી ધોરણ-૯ના વિદ્યાર્થીઓને પરીક્ષાનું ભારણ ઘટ્યું છે. અને વિદ્યાર્થીઓને ખૂબ જ સરળ અને સહજ રીતે પરીક્ષા આપવાનું માળખું ઘડાયું છે. તેનાથી વિદ્યાર્થીઓ ખુશમાં છે. આજથી શરૂ થયેલી ધોરણ-૯ અને ધોરણ-૧૧ કોમર્સ આર્ટસની પરીક્ષામાં પણ વિદ્યાર્થીઓએ સારી રીતે પરીક્ષા આપી હતી.

ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહની હોલ ટિકિટનું વિતરણ ૯મીએ થશે

સવારે ૧૧થી બપોરના ૩ કલાક સુધી વિતરણ કરાશે

ગાંધીનગર, તા. ૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના પરીક્ષા સચિવ જી.એમ. રબારીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ગુજરાત રાજ્યની તમામ રજીસ્ટર્ડ વિજ્ઞાન પ્રવાહ ધરાવતી ઉચ્ચત્તર માધ્યમિક શાળાના આચાર્યોને ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિજ્ઞાન પ્રવાહ દ્વિતીય સેમેસ્ટર ધોરણ-૧૧ એપ્રિલ-૨૦૧૨ની પરીક્ષા ફી રસીદ - હોલટિકિટનું વિતરણ જે તે વિતરણ કેન્દ્રો ઉપરથી તા. ૯મી એપ્રિલ-૨૦૧૨ને સોમવારે સવારે ૧૧ કલાકથી સાંજના ૩ કલાક સુધી કરવામાં આવશે. જે માટે શાળાનો અધિકાર પત્ર રજૂ કરી બોર્ડના પ્રતિનિધિ પાસેથી શાળાનું સાહિત્ય મેળવી લેવા જણાવવામાં આવ્યું છે.

જે શાળાઓ સાહિત્ય લઈ નહીં જાય તે શાળાઓએ બીજા દિવસે જિલ્લાશિક્ષણાધિકારીની કચેરીમાંથી સાહિત્ય મેળવી લેવાનું રહેશે.

સામાય વહીવટ વિભાગ, સચિવાલય કલ્યાણ સમિતિ દ્વારા આયોજિત અનેકવિધ કાર્યક્રમો

આરોગ્ય વિષયક વ્યાખ્યાન અને તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરના સામાન્ય વહીવટ વિભાગની સચિવાલય કલ્યાણ સમિતિના અધ્યક્ષ શ્રી જશવંત ગાંધીની અખબારી યાદીમાં જણાવ્યા મુજબ કલ્યાણ સમિતિ દ્વારા આ માસમાં અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

તા. ૫-૪-૨૦૧૨, ગુરૂવાર, બપોરે ૧-૩૦ કલાકે ઓડિટોરીયમ, બ્લોક નં. ૧, ૯માં માળ, નવાસચિવાલય ખાતે કેન્દ્રીય બજેટ-૧૨ના સંદર્ભમાં ઇન્કમટેક્ષ ઉપર અસરો અને મૂડીરોકાણની તકો ઉપર શ્રી યમલ વ્યાસ અને શ્રી કે.ડી. શાહનું વ્યાખ્યાન યોજાશે. તા. ૧૦-૪-૨૦૧૨ને મંગળવારના રોજ બપોરે ૧-૩૦ કલાકે ઓડિટોરિયમ ખાતે વાર્ષિક ઇનામ વિતરણ અને તેજસ્વી વિદ્યાર્થીઓને પુરસ્કાર વિતરણનો કાર્યક્રમ યોજાશે. તા. ૧૩-૪-૨૦૧૨ને શુક્રવારે બપોરે ૧-૩૦ કલાકે ઓડિટોરિયમમાં યુ. એન. મહેતા ઈન્સ્ટીટયુટ ઓફ કાર્ડિયોલોજી ડૉ. હિતેશ શાહનું વ્યાખ્યાન યોજાશે. પ્રેઝન્ટેશન અને પશ્નોત્તરીનો કાર્યક્રમ પણ યોજાશે. વિષય છે ''હૃદયરોગ સાવચેતી ને સારવાર''. સમિતિ દ્વારા મહિલાઓ માટેના આરોગ્ય વિષયક કાર્યક્રમો, રક્તદાન, બ્લડ ડોનરની યાદીનું પ્રકાશન, અને યોગના વર્ગો પણ આયોજન કરાશે. સચિવાલય, બ્લોક નં. ૭ અને બ્લોક નં. ૧૧ના ભોયતળિયે, અદ્યત્તન સાધનો સાથેનું ફિટનેશ સેન્ટર કાર્યરત છે તેનો લાભ લેવા પણ યાદીમાં જણાવાયું છે.

ગાંધીનગર સરકારી ઈજનેરી કોલેજ ખાતે ટેક સ્કાય-૧૨ના કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨

સરકારી ઈજનેરી કોલેજ, ગાંધીનગર દ્વારા આયોજિત ટેક સ્કાય૧૨ ના કાર્યક્રમને આજરોજ રાજ્યના શિક્ષણ મંત્રી શ્રી રમણલાલ વોરાના હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

આ -સંગે રાજ્યના શિક્ષણ મંત્રી શ્રી રમણલાલ વોરાએ જણાવ્યું હતું કે, સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મ જયંતિને રાજ્ય સરકાર યુવા વર્ષ તરીકે ઉજવી રહી છે. આજનો યુવાન આવતીકાલે રાજ્ય કે દેશની સુકાનધુરા સંભાળશે. આ યુવાધન આધુનિક ટેકનોલોજીથી સજ્જ હશે, તો જ દેશનું નામ વિશ્વ ફલક પર ઉજાગર થશે. આ માટે ગુજરાત રાજ્યમાં છેલ્લા દશકામાં એન્જિનયરીંગ ક્ષેત્ર સાથે સાથે અન્ય ક્ષેત્રોના અભ્યાસ ક્રમો માટે ઉજળી તકો ઉભી કરવામાં આવી છે. એન્જિનયરીંગ ક્ષેત્રે અભ્યાસ માટે ગુજરાતમાં વર્ષ ૨૦૦૧માં કુલ બેઠકો ૯૪૨૫ હતી, આજે ૪૨,૯૨૯ બેઠકો છે. તેમજ ટેકનિકલ શિક્ષણ માટે છેલ્લા દશ વર્ષમાં ૧૩,૪૫૨માંથી ૧,૨૫,૦૦૦ બેઠકો થઇ ગઇ છે. જેના પરિણામ સ્વરૂપે આજે ગુજરાતનું યુવાધન રાજ્ય બહાર અભ્યાસ કરવા જતો અટકી ગયો છે. તેમજ રાજ્યના યુવાધનને ઘર આંગણે આવા અભ્યાસક્રમો ઉપલબ્ધ બનતાં સામાન્ય ઘરોના વાલીના ખિસ્સા પરનું ભારણ ઘટ્યું છે. તેમજ રાજ્ય સરકાર દ્વારા રાજ્યના તમામ જિલ્લાઓમાં એન્જિનિયરીંગ કોલેજો ઉભી કરવામાં આવી છે. હવે, તમામ કોલેજોમાં આધુનિક સુવિધાઓથી સજ્જ હોસ્ટેલના નિર્માણ કાર્યની દિશામાં સરકારે સુચારુ આયોજન કર્યું છે. આગામી નવા શૈક્ષણિક વર્ષથી ૧૪ જિલ્લાની એન્જિનિયરીંગ કોલેજોમાં વિદ્યાર્થીઓ માટેની આધુનિક સુવિધાઓથી સજ્જ હોસ્ટેલનો શુભારંભ થશે.

આ -સંગે કોલેજના આચાર્ય શ્રી જે.બી.દવેએ ગૌરવ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, સમગ્ર રાજ્યમાં આપણી એક માત્ર એવી કોલેજ છે કે જયાં ઇએમઇ ઇન બાયો મેડિકલનો અભ્યાસ ક્રમ ચાલે છે. તે સિવાય અનેક એન્જિનિયરીંગ અભ્યાસ ક્રમો ચાલી રહયાં છે. તેમજ સમગ્ર કોલેજ આધુનિક સુવિધાઓથી સજ્જ છે.

કોલેજના વિદ્યાર્થી -તિનિધિ શ્રી હિતેષ ચૌહાણએ જણાવ્યું હતું કે, આપણે સૌ ગુજરાતમાં ઉત્તમ શિક્ષણ મેળવીએ છીએ, ત્યારબાદ દેશ કે રાજ્યનું ઋણ અદા કરવાની જગ્યાએ વિદેશમાં જતા રહી છીએ. તે વાત દુઃખની છે. આપણે દેશ કે રાજ્યમાં રહીને જ આપણું કાર્ય કરવું જોઇએ. જેના થકી વિશ્વ ફલક પર ગુજરાતનું નામ ઉજાગર કરનાર રાજ્યના મુખ્ય મંત્રીશ્રીને શકિત મળશે. આપણે એવી પરિસ્થિતિનું નિર્માણ કરવાનું છે કે આજે જેમ વિદેશ જવા થનગનતો યુવાધન અંગ્રેજી ભાષા શીખવા કલાસમાં જાય છે. તેના બદલે વિદેશથી લોકો આપણી માતૃભાષા ગુજરાતીને શીખવા આવવું પડે.

સમસ્ત જૈન સમાજ દ્વારા ૪ એપ્રિલના રોજ મહાવીર જન્મકલ્યાણક મહોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા. ૨

સમસ્ત જૈન સમાજ દ્વારા તારીખ ૪ એપ્રિલ ને બુધવારના રોજ શાસનપતિ ભગવાન મહાવીર જન્મકલ્યાણક મહોત્સવની શાનદાર ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. જૈન સોશ્યલ ગ્રુપ, ગાંધીનગર પણ આ કાર્યક્રમમાં ઉત્સાહભેર જોડાઈ મુખ્ય ભૂમિકા ભજવી રહ્યું છે.

પ્રતિ વર્ષની જેમ ભગવાન મહાવીરની શોભાયાત્રા સવારે નગરના માર્ગો ઉપર ફરશે. ત્યારબાદ સવારે ૧૧થી ૧ કલાક દરમ્યાન ગાંધીનગર ટાઉનહૉલ ખાતે મુંબઈના સુપ્રસિદ્ધ પ્રવચનકાર તેજ સાહેબનું 'પ્રભુ મહાવીરની કથા-ઉલેચે જીવન વ્યથા' એ વિષય ઉપર મનનીય વ્યાખ્યાન યોજવામાં આવ્યું છે.

આ પ્રસંગે આયોજિત સમારોહના પ્રમુખ તરીકે આર બી ઇન્ફ્રા. પ્રા લિ., અમદાવાદના રાજુભાઈ ઍસ શાહ, નિર્માણ બિલ્ડર્સ, અમદાવાદના પ્રશાંતભાઈ જયંતિલાલ શાહ મુખ્ય મહેમાન પદે તથા થનગનાટ ગ્રૂપ, ગાંધીનગરના રોહિત નાયાણી અતિથિ વિશેષપદે ઉપસ્થિત રહેશે. સૌ સમાજજનોને આ કાર્યક્રમનો લાભ લેવા આયોજકોએ આમંત્રણ પાઠવ્યુ છે. તારીખ ૪ એપ્રિલના આ કાર્યક્રમ બાદ આગામી તારીખ ૧૫ એપ્રિલના રોજ ઢળતી સાંજે રાજસ્થાની જૈન યુવક મંડળના સૌજન્યથી પ્રિતીભોજન સહ 'એક શામ, નાકોડાજી ભૈરવ કે નામ' યોજવાનું આયોજન પણ કરવામાં આવ્યું છે, જે અંગેની વિગતો ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે.

આવતીકાલનો ઉજાસ

પ્રેમ કનુભાઈ પ્રજાપતિ
ધોરણ-૮
માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલ

અભ્યાસમાં અગ્રેસર રહેનાર પ્રેમ શાળા તેમજ આંતરશાળા કક્ષાની વકતૃત્વ, ડિબેટ, વાર્તાકથન જેવી પ્રવૃત્તિઓમાં પણ અગ્ર સ્થાન પ્રાપ્ત કર છે. ઈકો કલબ, રેડક્રોસ, સ્કાઉટ ઍન્ડ ગાઈડ જેવી પ્રવૃત્તિઓમાં પણ તે સક્રિય છે.

ખેલ મહાકુંભ અંતર્ગત બાસ્કેટ બૉલની સ્પર્ધામાં સારો દેખાવ કરી તેણે સારા ખેલાડી તરીકે નામના પ્રાપ્ત કરી છે.

આશિષ સેહગલ
ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહ
ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજ

આશિષને અભ્યાસની સાથે સાથે ઇતર પ્રવૃત્તિઓમાં પણ વિશેષ ઋચિ છે. નિયમિતતા એ તેની આદત છે અને તે શિક્ષકો સાથે નમ્ર તથા વિવેકી વર્તન દાખવે છે. કૉમ્પ્યુટર અને નવી ટૅકનોલૉજીના વિષયમાં તેનું જ્ઞાન દાદ માગી લે તેવું છે. ક્રિકેટ, ફૂટબૉલ, વૉલીબોલ જેવી રમતોનો સારો ખેલાડી હોવા ઉપરાંત તેણે ટીસીઍસમાં શ્રેષ્ઠ ટૅકનોલૉજીસ્ટ વિદ્યાર્થી તરીકે અને પાવર ઍંચટુઓ સ્પર્ધામાં ભાગ લઈને પ્રમાણપત્ર પ્રાપ્ત કર્યું છે.

ઉપરાંત, સમર સાયન્સ ક્વિઝ ફૉર ગ્લોબલ વૉર્મિંગ અને ડિબેટ સ્પર્ધામાં ભાગ લઈ તેણે પુરસ્કારો મેળવ્યા છે.

સંસ્કૃતિ સંસ્થા દ્વારા ગાંધીનગરમાં સોલો કૉન્સર્ટનો શાનદાર પ્રયોગ

સોલો કૉન્સર્ટ વિશે તમે શું સાંભળ્યું છે ? એક કલાકાર એક જ વાદ્ય હાથમાં લઈને ખુરશીમાં બેઠો હોય, એ વાદ્ય વિશે સમજ આપ્યા કરતો હોય અને થોડા થોડા અંતરે એ વાદ્ય ઉપર સુંદર ગીતોનું વાદન કરતો હોય, ગાયન નહીં. આવો કાર્યક્રમ તમે કેટલી વાર સુધી માણી શકો ? જો તમારો જવાબ 'થોડીવાર' એમ હોય તો એ જવાબ ખોટો છે. કારણ કે ગાંધીનગરમાં રવિવારે રાત્રે આવા જ એક કલાકારે સખંગ બે કલાક સુધી શ્રોતાઓને ખુરશીમાં જકડી રાખીને ગાંધીનગરમાં એક નવો જ રેકર્ડ પ્રસ્થાપિત કર્યો છે.

અલબત્ત, આ અગાઉ એક જ પાત્રોવાળાં ચાણક્ય, નર્મદ, વિવેકાનંદ જેવાં નાટકો આ નગરમાં ભજવાયાં છે. પણ સોલો ઑરકેસ્ટ્રાનો આ પ્રયોગ પહેલીવાર થયો અને એ પણ એવો અદ્‌ભૂત થયો કે ગાંધીનગરના સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના ઇતિહાસમાં એની નોંધ રાખવી જ પડે.

સંસ્કૃતિ સંસ્થા દ્વારા પુનાવાસી ઍકોર્ડીયન વાદક અમિત વૈદ્યના સોલો પરફોર્મન્સનું આયોજન ડૉ. આંબેડકર હૉલ ખાતે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના નિમંત્રણમાં જ જણાવવામાં આવ્યું હતું કે ઍકોર્ડીયન સંબંધી નિદર્શન અને વાદનનો કાર્યક્રમમાં સમાવેશ હશે.

એ જાણીને રસિકો ઍકોર્ડીયન વિશે જાણવા અને તેનું મધુર વાદન સાંભળવા માટે હૉલ ઉપર પહોંચ્યા હતા, પરંતુ એ પછી એમણે જે આહ્લાદ માણ્યો છે એનું વર્ણન શબ્દોમાં શક્ય નથી, એમણે ઍકોર્ડીયન વિશે જેટલી ઝીણવટપૂર્વક માહિતી મેળવી છે એટલી અહીં જણાવવી શક્ય નથી અને એમણે જે આનંદ માણ્યો છે એનું માપ કાઢવું પણ શક્ય નથી.

અમિત વૈદ્ય એટલે જાણે ઍકોર્ડીયનનો જીવતોજાગતો ઍનસાઇક્લોપેડિયા !

કાર્યક્રમની શરૂઆત જ એમણે ઍકોર્ડીયનની શોધ ક્યાં અને કેવી રીતે થઈ ? એનાથી કરી. એ પછી તો ઍકોર્ડીયનનો ઉપયોગ કોણે કર્યો, એની પહેલી ફૅક્ટરી ક્યાં અસ્તિત્વમાં આવી, એ કેવી રીતે બને છે, એમાં કઈ વસ્તુઓનો ઉપયોગ થાય છે, એની વિશેષતા શું છે, હિન્દી ફિલ્મોમાં એનો ઉપયોગ ક્યાં અને ક્યારે કરવામાં આવ્યો છે ? વગેરે જેવા અનેક માહિતીસભર વાક્યો એમની વાણી દ્વારા વહેતા રહ્યા અને શ્રોતાઓ રસ તરબોળ થઈને બસ સાંભળતા જ રહ્યા. શ્રોતાઓનો રસ જળવાઈ રહે એ માટે કલાકારે વચ્ચે વચ્ચે ઍકોર્ડીયન ઉપર હિન્દી ફિલ્મોનાં જાણીતાં ગીતોની ધૂન વગાડવાનો ક્રમ જાળવ્યો હતો. એ તો જાણે સોનામાં સુગંધ જેવું બની રહ્યું. જૂનાં જાણીતાં ગીતો સૌએ મોંજથી મમળાવ્યાં.

માત્ર માહિતી જ નહીં, ઉપયોગી સ્લાઇડ્સ અને વિડિયો-ઑડિયો ક્લિપ્સના માધ્યમથી પણ આ ઉમદા કલાકારે પોતાના પરફોર્મન્સને ચાર ચાંદ અર્પ્યા હતા.

અમિત વૈદ્ય દ્વારા ઍકોર્ડીયન વિશે જે વિશદ્ માહિતી આપવામાં આવી એ મુજબ, 'ઍકોર્ડીયનની શોધ માઉથ ઑર્ગનના આધારે થઈ છે. અને તે મૂળ એક રીડ ઇન્સ્ટ્રુમેન્ટ છે. (મતલબ કે માણસના શરીરમાં રહેલી કરોડરજ્જુ, ફેફસાં, સ્વરપેટી વગેરેનો આધાર લઈ માનવના મોંમાથી જેમ અવાજ નીકળે છે એમ જ આ વાદ્યમાંથી પણ સૂરો નિપજાવવામાં આવે છે).

ઑસ્ટ્રીયાના સાઇરલ ડેમિયનનું નામ દુનિયાના સૌથી પહેલાં ઍકોર્ડીયન તરીકે લેવામાં આવે છે. ઍકોર્ડીયન એ મૂળ ખેડૂતો માટે બનાવવામાં આવેલું વાદ્ય હતું. ખેડૂતો માટે એવા વાદ્યની શોધ હતી કે જેનું વાદન કરતાં ખેડૂતો ગાઈ પણ શકે અને નાચી પણ શકે. આ જરૂરિયાતની પૂર્તિ માટે ઍકોર્ડીયનની શોધ થઈ. આમ, આ વાદ્ય સૌપ્રથમ લોક સંગીત માટે ઉપયોગમાં લેવાતું હતું.

માણસના શરીરમાં ફેફસાંની રચના હોય છે તેને આધારે ધમણ બનાવીને ઍકોર્ડીયનની રચના કરવામાં આવી, જેમાંથી ત્રણ સૂર નીકળે છે. (સંગીતની ભાષામાં ત્રણ સૂરને ઍકોર્ડ કહેવામાં આવે છે. એમ આ વાદ્યનું નામ પડ્યું ઍકોર્ડીયન). શીંગ નામના ચાઇનીઝ રાજાએ આ વાદ્ય તૈયાર કરાવ્યું હતું, એવી પણ વાયકા છે.

ઉઘડતે પડદે - કુંતલ નિમાવત

૬ મે, ૧૯૮૯ના રોજ આ વાદ્ય માટે સૌપ્રથમવાર પૅટન્ટ ફાઈલ થઈ અને આ કારણે દ્ર્ષ્ટી મેનો દિવસ વર્લ્ડ ઍકોર્ડીયન ડે તરીકે દુનિયાભરમાં ઉજવવામાં આવે છે.

ઍની શોધ પછી તો ઍકોર્ડીયનના સ્વરૂપોમાં ભારે તબદિલી આવી છે અને હવે તો એ ઘણાં અત્યાધુનિક બન્યાં છે. પણ એની મૂળ રચના અને મીઠાશમાં આટલાં વર્ષોમાં કોઈ ફેર આવ્યો નથી.

ઍકોર્ડીયનનો પ્રસાર યુરોપમાં વાયુવેગે થયો. એક વાયકા મુજબ 'બ્લૅક મૅડોના' નામની દેવીની જાત્રાએ જતો એક ખેડૂત જંગલમાં ભૂલો પડ્યો. ત્યાં તેણે એક ઘર જોયું અને ઘરમાં રાત વિતાવવા માટે આશરો માંગ્યો. ઘરમાં રહેલું કુટુંબ હતું સોપ્રાની કુટુંબ, જેણે ખેડૂતને ન માત્ર આશરો આપ્યો, પરંતુ રાત્રીનું ભોજન પણ કરાવ્યું. ખેડૂત ખુશ થઈ ગયો, સાથેના ઍકોર્ડીયનથી તેણે થોડું સંગીત પિરસીને કુટુંબને ખુશ કરી દીધું અને પછી સૂઈ ગયો.

આ કુટુંબમાં બે બાળકો હતા - પાઉલો અને સેટીમો, જે તોફાની બારક્સ હોવા ઉપરાંત બુદ્ધિમાન પણ હતા. પાઉલોના મનમાં ક્યારની ઉત્તેજના વ્યાપેલી હતી કે આ વાદ્યમાં એવું તો શું છે કે એમાંથી આવું મધુર સંગીત નીકળે છે ! જેવો ખેડૂત સૂઈ ગયો કે પાઉલો ઍકોર્ડીયન લઈને પોતાના ઓરડામાં આવી ગયો. પછી તેણે આખુંય ઍકોર્ડીયન ખોલીને મૂકી દીધું. અલબત્ત ૮ વર્ષની ઉમરનું આ બાળક એ પછી ઍકોર્ડીયનને પાછું ઠીકઠાક ન કરી શક્યું.

સવારે ખેડૂતે આ જોયું. એને દુખ તો થયું, પણ પોતે જે ઘરમાં મહેમાન તરીકેનું સન્માન ભોગવ્યું હતું એ ઘરના નાના દીકરાનું આ કૃત્ય હતું. તેથી એણે પણ પોતાની ગરિમા જાળવી રાખીને હસતાં હસતાં પાઉલોને કહી દીધું, 'ચિંતા ન કર. જા, મેં આ તને ભેટમાં આપ્યું.'

પાઉલોએ એ પછી ઍકોર્ડીયનનો ખૂબ અભ્યાસ કર્યો, એવો ગહન અભ્યાસ કે ૨૦ વર્ષ પછી ૧૮૫૯માં ક્રેસ્ટલ ફિદાર્દો શહેરમાં ઍકોર્ડીયન બનાવતી દુનિયાની પહેલી ફૅક્ટરી શરૂ થઈ, જેનો સ્થાપક અને માલિક હતો પાઉલો સોપ્રાની ! આ ફૅક્ટરીમાં બનતાં ઍકોર્ડીયન સોપ્રાની પરંપરાના કહેવાય છે. આપણે ત્યાં જેમ સંગીતના ઘરાના હોય છે ઍમ યુરોપમાં ઍકોર્ડીયન સાથે ૧૦૦ જેટલાં કુટુંબોનાં નામ જોડાયેલાં છે, જે ઍકોર્ડીયન બનાવે છે.

એક દિવસમાં ૭૦-૮૦ ઍકોર્ડીયન બનીને નીકળતાં હોય એવો મોભોય આ ફૅક્ટરીઓએ પોતાના શરૂઆતી કાળમાં જોયો છે.

ઍકોર્ડીયનને ખૂબ માવજતથી બનાવવામાં આવે છે અને તેના કલાકારો તેનું જતન પણ એટલી જ વ્હાલપથી કરે છે. એક વિશિષ્ટ પ્રકારનું વાદ્ય હોવાથી તેની કિંમત પણ ઊંચી રહે છે. આજે એક ઍકોર્ડીયનની કિંમત બારથી પંદર લાખ રૂપિયા સુધીની હોય છે.

ધમણ, ટ્રૅબલ, ટ્રૅબલ સ્વીચીસ, બેઝ કીપેડ, રીડ્સ, કપ્લર્સ વગેરે ઍકોર્ડીયનનાં મહત્ત્વનાં અંગો છે. તેની વિશેષતા એ છે કે તેમાંથી નીકળતા અવાજને કંટ્રોલ કરી શકાય છે. મતલબ કે ચાહો ત્યારે અવાજનો ટોન નાનો અને ચાહો ત્યારે અવાજનો ટોન મોટો પણ કરી શકાય છે. ઍકોર્ડીયનના માધ્યમથી વાદદક સીંગલ નોટ પણ વગાડી શકે છે અને કૉર્ડ પણ વગાડી શકે છે, રીધમ પણ વગાડી શકે છે !'

ભારતમાં ઍકોર્ડીયન જાણીતું થયું ગુડી સિરવાઈ નામના વાદ્યકારને કારણે. ગુડી પહેલાં મુંબઈની તાજ હૉટલમાં ઍકોર્ડીયન વગાડતા. એક સમયે હૉટલમાં આવેલા ખ્યાત સંગીતકાર સી રામચંદ્રે તેમને જોયા અને તેમને બૉલીવૂડમાં આવવાનું આમંત્રણ આપ્યું. એ પછી 'સમાધિ' ફિલ્મમાં સી રામચંદ્રના સંગીતમાં જ ગુડી સિરવાઈએ ઍકોર્ડીયન પ્લે કર્યું. ગીત હતું 'ગોરે ગોરે, ઓ બાંકે છોરે, કભી મેરી ગલી આયા કરો...' હિન્દી ફિલ્મ જગતમાં ઍકોર્ડીયનના ઉપયોગનો આ પહેલો પ્રસંગ.

ગુડીને ફિલ્મ જગતમાં બહુ ફાવ્યું નહીં એટલે એમણે લાંબો કાળ પસાર ન કર્યો, પણ જે ૭-૮ વર્ષ તેઓ આ ક્ષેત્રમાં રહ્યા, તેટલાં વર્ષ તેમણે ઍકોર્ડીયનનો ખૂબ સુંદર ઉપયોગ ગીતોમાં કર્યો છે.

અમિત વૈદ્ય દ્વારા આપવામાં આવેલી આ માહિતીભર્યા કાર્યક્રમની વિશેષતા એ હતી કે જ્યારે જ્યારે એમણે ઍકોર્ડીયન દ્વારા કોઈ ગીતનું વાદન કર્યું ત્યારે ત્યારે પોતાને આ શિક્ષા આપનાર એક એક શિક્ષકને યાદ કરીને એમણે આ ગીત તેમને સમર્પિત કર્યું હતું ! ગુરુઓ પ્રત્યે આદરભાવ રાખનારો આવો શિષ્ય દુનિયામાં નામ ન કાઢે તો જ નવાઈ !

ગુડી સિરવાઈના શિષ્ય સુમિત મિત્રા પાસેથી અમિતભાઈએ ઍકોર્ડીયનની તાલીમ મેળવી છે અને એ પછી યુરોપમાં પણ ત્રણ વર્ષ રહીને તેમણે ઍકોર્ડીયનને બહુ નજીકથી જાણ્યું ને જાણે એને સમર્પિત જ થઈ ગયા. આજે પણ ઍકોર્ડીયન વાદન માટે તેઓ કોઈ ચાર્જ લેતા નથી અને જો સંગીતરસિકોનું કોઈ ગ્રૂપ તેમને દેશના કોઈપણ ખૂણે ઍકોર્ડીયન વાદન માટે બોલાવે તો નિઃસંકોચ પહોંચી જાય છે.

આને કહેવાય કલા પ્રત્યેનું સમર્પણ, કલા પ્રત્યેની ધૂન, કલાની સાધના અને કલા પ્રત્યેનું સન્માન !

ગાંધીનગરની એવી વિરલ ઘટના કે આ કલાકારે પોતાનું સોલો પરફોર્મન્સ પૂર્ણ કર્યું ત્યારે ઑડિટોરિયમમાં ઉપસ્થિત સઘળા શ્રોતાઓએ એમની સામે ઊભા થઈને અઢળક તાળીઓ વગાડીને એમને સન્માન અર્પણ કર્યું હતું !



તસવીર : કમલેશ શાહ

કાર્યક્રમ દરમ્યાન પિરસાયેલાં ગીતો

- વો ચાંદ ખીલા, વો તારે હસે, યે રાત અજબ મતવાલી હૈ... અનાડી
- દિલમેં સમા ગયે સાજન...સંગદિલ
- ગોરે ગોરે, ઓ બાંકે છોરે, કભી મેરી ગલી આયા કરો... સમાધિ
- તેરા મેરા પ્યાર અમર, ફીર ક્યૂં મુજકો લગતા હૈ ડર... અસલી નકલી
- આહા રીમઝીમકે યે પ્યારે પ્યારે ગીત લીયે... ઉસને કહા થા
- દિલકી નઝર સે, નઝરોં કી દિલ સે... અનાડી
- આઈયે મહેરબાં, બૈઠીએ જાનેજાં... હાવરા બ્રિજ
- બનકે પંછી ગાયે પ્યારકા તરાના... અનાડી
- વો ઇક નિગાહ ક્યા મિલી, તબિયતેં મચલ ગઈ... હાફ ટિકટ
- આજા સનમ મધુર ચાંદીને મેં હમ-તુમ મિલે તો... ચોરી ચોરી
- દેખ કે તેરી નજર... હાવરા બ્રિજ
- બાબુજી ધીરે ચલના, પ્યાર મેં જરા સંભલના... આરપાર
- અચ્છાજી મૈં હારી ચલો માન જાઓ ના... કાલા પાની
- દિલ તો બચ્ચા હૈ જી... દિલ તો બચ્ચા હૈ જી
- જીના યહાં, મરના યહાં, ઈસકે સિવા જાના કહાં... મેરા નામ જોકર

આ ઉપરાંત, શોલે ફિલ્મના પ્રસિદ્ધ માઉથ ઑર્ગન પીસ અને થીમ મ્યુઝીકને ઍકોર્ડીયન દ્વારા પ્લે કરીને શ્રોતાઓને આફિન પોકારાવી દીધા હતા.